# શહેરના માર્ગો પર આજથી ડબલ ડેકર બસ દોડશે

## પથિકાશ્રમથી ચિલોડા રૂટ પર રોજ ૧૦ ટ્રીપ દોડાવાશે : ૮૦ મુસાફરો બેસી શકશે : ભાડાના દરમાં કોઈ ફેરફાર નહીં

ગાંધીનગર, તા. ૨૩

શહેરના માર્ગો પર આજે સવારથી ડબલ ડેકર બસ દોડતી જોવા મળશે. અઢી દાયકા બાદ નગરના માર્ગો પર ફરી એકવાર ડબલડેકરનો ધમધમાટ જોવા મળશે. ભાવનગર અને રાજકોટ બાદ હવે પાટનગરમાં શરૂ થનારી ડબલ ડેકર પ્રાથમિક તબક્કે પથિકાશ્રમથી ચિલોડા રૂટમાં દોડશે.

એક જમાનામાં નગરના માર્ગો પર આકર્ષણ જમાવતી ડબલડેકર બસ છેલ્લા અઢી દાયકાથી અદૃશ્ય થઈ જતા મુસાફરવર્ગમાં પણ ડબલડેકરને માર્ગ પર ફરી દોડતી જોવા માટેની ઈન્તેજારી પ્રબળ બની હતી. પરંતુ શહેરી બસ સેવાનું સંચાલન કરતી વીટકોસ સંસ્થા દ્વારા રાજકોટ અને ભાવનગર બાદ ગાંધીનગરમાં પણ ડબલડેકર બસ શરૂ કરવાનો નિર્ણય લેવાતા નગરજનોએ હર્ષની લાગણી વ્યક્ત કરી છે. નગરના માર્ગો પર તા. ૨૪ એપ્રિલથી ડબલડેકર બસ દોડતી થઈ જશે. પથિકાશ્રમથી ચિલોડા રૂટ પર શરૂ



થનારી ડબલડેકર સવારે ૬.૧૫ કલાકે ઉપડશે. આ બસ વાયા ચ-૩, ચ-૫, ચ-૬, અક્ષરધામ અને સે-૩૦ સર્કલ થઈને ચિલોડા પહોંચશે. દિવસ દરમિયાન પથિકાશ્રમથી ચિલોડા વચ્ચે ૧૦ ટ્રીપમાં ડબલડેકરની અવર-જવર રહેશે. હાલ વીટકોસ દ્વારા ભાવનગર તેમજ રાજકોટમાં ડબલડેકર બસની સેવા ઉપલબ્ધ કરવામાં આવી છે. જયારે હવે રાજયના ત્રીજા શહેર ગાંધીનગરમાં પણ સ્થાનિક અપડાઉનકર્તાઓને ડબલડેકરની સવારીમાં સહેલ કરવાનું નસીબ થશે. ડબલડેકર બસમાં નીચે ૩૫ તેમજ ઉપર ૪૫ સહિત ૭૫-૮૦ મુસાફરો બેસી શકશે. જયારે સામાન્ય શહેરી બસ સેવાની સાપેક્ષમાં ડબલ ડેકરમાં બેસવાનું આમ નાગરિકો માટે મોંઘું નહિ બને. અલબત્ત ભાડાના દરમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. વીટકોસ દ્વારા હાલ માત્ર એક જ બસ દોડાવાશે જયારે મુસાફરોનો યોગ્ય પ્રતિભાવ મળશે તો અન્ય રૂટ પર નવી બસ સેવા શરૂ કરાશે.

## લવારપુરમાંથી પોલીસે ૬૨૪ વિદેશી દારૂની બોટલો કબજે લીધી

### બાતમીના આધારે પોલીસે રેડ કરી : આરોપી ફરાર

ગાંધીનગર, તા. ૨૩

જિલ્લાના લવારપુર ગામમાં ડભોડા પોલીસે ગઈકાલે રાત્રિ દરમિયાન રેઈડ કરીને વિદેશી દારૂની ૬૨૪ નંગ બોટલો સાથે રૂ. ૭૪,૪૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. જ્યારે ફરાર થઈ ગયેલા આરોપીની શોધખોળ હાથ ધરી છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર ડભોડા પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. એમ.આર. પુવાર સહિત તેમના સ્ટાફના માણસોને બાતમીના આધારે ગતરાત્રિ દરમ્યાન જિલ્લાના લવારપુર ગામમાં રેઈડ કરી હતી. ગામના ઈન્દિરાનગર વિસ્તારમાં રહેતા મનોજ ભીમાજી ઠાકોરના ઘરે વિદેશી દારૂનો જથ્થો હોવાથી હકીકતને ધ્યાને લઈ પોલીસે આરોપીના ઘરે તપાસ હાથ ધરી હતી. આ દરમિયાન પોલીસે બ્લ્યુ ટાવર વ્હાઈટ જીનની ૨૪ નંગ બોટલ ઉપરાંત રોયલ ચોઈસ વિસ્કીની ૬૦૦ બોટલ સહિત રૂ. ૭૪,૪૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. આ દરમિયાન આરોપી મનોજ ભીખાજી ઠાકોર ફરાર થઈ જતા ડભોડા પોલીસે તેની શોધખોળ હાથ ધરી છે. અગાઉ પણ આરોપી દારૂના કેસમાં પકડાયો હોવાનું ધ્યાને આવ્યું છે.



## ચિલોડા વિસ્તારમાં લગ્નસરાની મોસમ પુર બહારમાં

ચિલોડા, તા. ૨૩

ગુજરાત રાજયમાં ૧૫મી એપ્રિલ બાદ લગ્નમુર્હુતના પ્રારંભે અખાત્રીજના પવિત્ર શુભ દિવસે વણ જોયેલું મુર્હુતમાં લગ્નપ્રસંગોની સીઝન ખીલી ઉઠી છે. આમ ચિલોડા પંથકના ગ્રામ્ય વિસ્તારમાં જુદા જુદા ગામોમાં લગ્ન ઈચ્છુકોની જાનૈયાઓ લકઝરી કારોમાં લગ્નના મંડપે પવિત્ર લગ્નના ચાર ફેરા ઘુમવા ઉત્સુક બન્યા છે. જયાં જુઓ ત્યાં બેન્ડવાજાંના સુરીલા લગ્નગીતોના તાલે રાત્રે વરઘોડાની રમઝટ, ભવ્ય આતશબાજીથી લગ્નસીઝનમાં ઓર આનંદ-ઉમંગનો લગ્ન ઉત્સવ માણી રહ્યા છે. જયારે લગ્નસરાની મોસમમાં ભવ્ય ભોજન સમારંભો, લગ્નમંડપો લગ્ન ચોરી, ભવ્ય વરઘોડાની સજાવટથી લગ્ન ઈચ્છુકો આનંદવિભોર બનતાં લગ્નોત્સવ ધામધુમથી ઉજવવા મન-તન-ધનથી કટીબધ્ધ બન્યા છે.

(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

## વિશ્વ નૃત્ય દિન નિમિત્તે ૨૯મીએ શાસ્ત્રીય નૃત્ય મહોત્સવ

ગાંધીનગર, તા. ૨૩

ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી ગાંધીનગર દ્વારા વિશ્વ નૃત્ય દિનની ઉજવણી નિમિત્તે શાસ્ત્રીય નૃત્ય મહોત્સવનું તા. ૨૯મી એપ્રિલના રાત્રે એચ. કે. હોલ, અમદાવાદ મુકામે યોજાશે.

શ્રીમતી ખમ્મા પરાગ શાહ અને વૃંદ મંડળ ભરતનાટ્યમ ડૉ.નીપા ઠક્કર કથ્થક નૃત્ય શ્રી અક્ષય પટેલ ભરત નાટ્યમ, કુ. વૈશાલી ત્રિવેદી કથ્થક નૃત્ય કરશે. ડૉ. પ્રદીપ આઝાદ સચિવશ્રી ગુજરાત રાજ્ય સંગીત એકાદમી, ગાંધીનગરે જણાવેલ છે.

## જૈન સોશ્યલ ગૃપ ત્રિ- દશાબ્દી મહોત્સવ શાનદાર ઉજવશે

ગાંધીનગર, તા. ૨૩

જૈન સોશ્યલ ગૃપ ગાંધીનગરની તેની યશસ્વી કામગીરીના ૩૦ વર્ષ તા. ૯મી જૂનના રોજ પૂર્ણ થાય છે. આ પ્રસંગને શાનદાર રીતે ઉજવવાનું જૈન સોશ્યલ ગૃપે નક્કી કરેલ છે. તા. ૧૦મી જૂનના રોજ સાંજે જૂના- નવા ફિલ્મીગીતો, ગુજરાતી ગીતોનો શાનદાર કાર્યક્રમ યોજનાર છે. સાથે સાથે તે સમયે સાંજે મધુર ભોજન પણ રાખેલ છે.

ગૃપના ત્રિ- દશાબ્દી મહોત્સવ નિમિત્તે ફેમીલી ફોટા સાથેની ડિરેકટરી પ્રસિદ્ધ કરવાનું આયોજન કરેલ છે. તો તાત્કાલિક ફોટા સાથે માહિતી મોકલવા જણાવવામાં આવે છે. સભ્યશ્રીઓ ફોટો પડાવવા માટે શાલીમાર પાસે મંગલમ સ્ટુડિયો, ગાંધીનગરનો સંપર્ક સાધવા જણાવેલ છે.

## ૧લી મેથી ટેનિસ ક્રિકેટ ટૂર્નામેન્ટ યોજાશે

ગાંધીનગર, તા. ૨૩

મહર્ષિ ફાઉન્ડેશન દ્વારા આગામી તારીખ ૧લી મે થી માઉન્ટ કાર્મેલ સ્કૂલ, સેકટર-૨૧ના ગ્રાઉન્ડ પર ધોરણ ૧૦ સુધીનો અભ્યાસ કરતા હોય એટલી વયના બાળકો કિશોરો માટે ટેનિસ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે. આ ટુર્નામેન્ટમાં ભાગ લેવા માટે ૨૯ એપ્રિલ સુદીમાં ટીમોએ એન્ટ્રી મેળવી લેવાની રહેશે.

આગામી સત્રથી ધોરણ-૧૦નો અભ્યાસ શરૂ કરનાર સુધી વયના બાળકો કિશોરો માટે આ ટુર્નામેન્ટમાં સ્થાન રહેશે. એથી નાની કોઈ પણ વયનો કિશોર રમવા માટે યોગ્ય ગણાશે. આ ટુર્નામેન્ટમાં ભાગ લેવા માટે ટીમોએ એક સાદા કાગળ પર પોતાના ખેલાડીઓની યાદી, ટીમના નામ સાથે રૂ. ૧૦૦ રજીસ્ટ્રેશન ફી આપવાની રહેશે. પ્રત્યેક ટીમમાં ૧૦ ખેલાડી જ હોવા જોઈએ. ટુર્નામેન્ટમાં સફેદ ડ્રેસ પહેરવો જરૂરી છે.

ટુર્નામેન્ટમાં ભાગ લેવા ઈચ્છતી ટીમોએ પોતાની અરજીઓ ૨૯ એપ્રિલ સુધીમાં પહોંચાડવાની રહેશે. કેતુલ વોલ પેપર, સેક્ટર-૨૦, રવિ સ્ટેશનર્સની બાજુમાં, ડૉ. ઉર્વીબેન મહેતાનું દવાખાનું, સેક્ટર-૭, ૧૨૩૧/૨, સેક્ટર-૭-ડી ખાતે અરજીઓ પહોંચાડી શકાશે. આ અંગે વધુ વિગત કે જાણકારી માટે મહર્ષિ રાવલ (ફોન. ૨૩૨-૪૧૨૭૧, ૯૯૭૯૮૯૮૭૪૨) યશ મહેતા (ફોન - ૨૩૨-૨૧૬૧૩) અને યોગેશ થારાની (ફોન:૯૮૯૮૫૯૪૫૦૩)નો સંપર્ક સાધવા અનુરોધ છે.

## ટોરેન્ટ પાવર લિમીટેડના સેક્ટર-૭, અપના બજાર સ્થિત કાઉન્ટર ઉપર વીજ ગ્રાહકોને માટે સુવિધાને નામે મીંડુ

ગાંધીનગ, તા. ૨૧

સેક્ટર-૭ના શોપિંગ સેન્ટરમાં આવેલ અપના બજારમાં આપનું ટોરેન્ટ પાવર લિમીટેડનું કાઉન્ટ છે. દોઢ વર્ષ પહેલાં આ કાઉન્ટર અપના બજારની પૂર્વ દિશામાં સેલ્ટર નીચે આવેલ હતું. ત્યાં બપોર પછી છાયો આવતો હતો તેથી બીલ ભરવા આવનાર ગ્રાહકોને તડકામાં તપવાનું બનતું ન હતું અને ચોમાસામાં સેલ્ટરને કારણે લોકો વરસાદથી ભીંજાતા નહોતાં. પરંતુ અચાનક કોઈપણ કારણ વિના આ કાઉન્ટરની બારી ખસેડીને ઉત્તર દિશામાં એકાએક ખસેડી નાખવામાં આવેલ છે. આ નવા કાઉન્ટર પાસે ગ્રાહકોને સેલ્ટર નહિ હોવાથી ઉનાળામાં ધોમધખતા તાપમાં લાંબા સમય સુધી તપવું પડે છે. જે સીનીયર સીટીજનો સહિત તમામ માટે અસહ્ય છે. ત્યાં નીચે પાકું ફ્લોરીંગ પણ નથી તેથી તપતી ખુલ્લી જમીન ઉપર ઉભું રહેવું પડે છે. તેની બાજુમાં ચાની લારીને કારણે ગંદકી ફેલાયેલી છે.

ચોમાસામાં આસપાસના ખાડાઓમાં પાણી ભરાવાને કારણે મચ્છરોનો ત્રાસ ફેલાય છે અને ગ્રાહકોને તેના ભોગ બનવું પડે છે. શહેરમાં અન્ય સ્થળોએ આવેલ કાઉન્ટર ઉપર આવી કોઈ સમસ્યા નથી. સેક્ટર-૨, ૫, ૬, ૭ ના ગ્રાહકો અહીં વીજળી બીલો ભરવા આવે છે તેઓને પુરતી સુવિધાઓ આપવી તે ટોરેન્ટ પાવર કંપનીની મૂળભૂત ફરજ અને જવાબદારી છે તેમ છતાં આ પ્રશ્ને કંપની તરફથી આંખ આડા કાન કરવામાં આવી રહ્યા છે તેનાથી વીજ ગ્રાહકોમાં ભારોભાર અસંતોષ ફેલાયેલો છે. સંસ્થાના ઉપપ્રમુખ શ્રી જયંતભાઈ ભટ્ટે શહેર પેન્શનર્સસમાજના હોદ્દેદાર તરીકે આપશ્રીને ઉપરોક્ત બાબતે રજુઆત કરી હતી. જેનો આજ દિન સુધી આપની કંપની તરફથી કોઈ જવાબ આપવામાં આવેલ નથી એટલું નહિ પરંતુ વીજ ગ્રાકોની હાડમારીઓ સામે આંખ આડા કાન કરીને કોઈ કાર્યવાહી પણ કરવામાં આવેલ નથી.

વર્તમાનકાઉન્ટર ઉપર વીજગ્રાહકો માટે પુરતી સુવિધાઓ ઉભી કરાવી શકાય તેમ ન હોય તો સેક્ટર-૭ શોપીંગ ઉપરના તે વીજ કાઉન્ટરને સેક્ટરમાં જ અન્ય કોઈ પૂર્ણ સુવિધાયુક્ત સ્થળે સત્વરે બદલી કાઢવામાં આવે તેવી અમારી માંગણી છે.

## ચેક પરત થવાના કેસમાં આરોપીને એક વર્ષની કેદ

ગાંધીનગર, તા. ૨૩

ચેક પરત થવાના કેસમાં ગાંધીનગર કોર્ટે આરોપીને એક વર્ષની સજા ભોગવવા હૂકમ કર્યો છે. આ ઉપરાંત આરોપીને દંડ ચુકવવા પણ હૂકમ કર્યો છે.

ગાંધીનગર માર્ગ પર મોટેરા ખાતે બી/૧માં હરિકૃષ્ણ સોસાયટીમાં રહેતા રાજકુમાર કૃષ્ણપાલસિંહ તોમરે શાહીબાગ ખાતે રહેતા અને ધંધો કરતા ભુપેન્દ્ર નટવરલાલ શાહ પાસેથી સિદ્ધિ વિનાયક કો.ઓ. હાઉસિંગ સોસાયટીના અનુસંધાને એલોટમેન્ટ લેટર મેળવ્યો હતો. જે અન્વયે ભુપેન્દ્રભાઈએ તેમને રૂ. ૩.૩૦ લાખ લઈ એલોટમેન્ટ લેટર સંદર્ભે ઝુંડાલ-ચાંદખેડા ખાતે દુકાન આપી હતી. જેમાં રૂ. ૬ હજારનો શેડ પણ તૈયાર કરાવ્યો હતો. ત્યારબાદ આરોપીએ ઓળખીતા સાથે એમ.ઓ.યુ. કરી અન્ય સભ્યોને સ્કીમ પેટે લીધેલી રકમ પરત આપી દીધી હતી. જ્યારે આ મુજબ આરોપીએ રાજકુમાર કૃષ્ણપાલસિંહને પણ રૂ. ૩.૩૬ લાખનો ચેક આપ્યો હતો. આ ચેક બેંકમાં જમા કરાવતા પરત થયો હતો. ત્યારબાદ આરોપીએ પૈસા ન ચુકવતા નોટીસના અંતે તેના વિરૂદ્ધ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ-૧૩૮ અન્વે ગાંધીનગર કોર્ટમાં ફરિયાદ દાખલ કરી હતી. આ કેસ સાતમા એડીશનલ સિનિયર સિવિલ જજની કોર્ટમાં ચાલી જતા ફરિયાદી તરફેના વકીલ તરીકે આર.આર. પાઠકે દલીલો કરી હતી. જે દલીલોને ધ્યાને લઈ જજશ્રી વિ.એ. બુદ્ધે આરોપીને તકસીરવાન ઠરાવી એક વર્ષની કેદની સજા ભોગવવા હૂકમ કર્યો છે. આ ઉપરાંત આરોપીને દંડ પેટે રૂ. ૩.૫૦ લાખ ચુકવવા આદેશ કર્યો છે.

## જી.એસ.પી.સી.ના ગ્રાહકો માટે ઓનલાઈન પેમેન્ટ નુકશાનકારક

### ઓનલાઈન પેમેન્ટમાં રૂ. ૧૧ વધારે ભરવા પડે છે : મહામંડળ

ગાંધીનગર, તા. ૨૩

જી.એસ.પી.સી.ની ઓનલાઈન પેમેન્ટ કરવાની યોજનાનો લાભ લેતા ગ્રાહકોને રૂ. ૧૧નું નુકશાન થતું હોવાની વ્યાપક ફરિયાદોથી આક્રોશ પ્રવર્ત્યો છે.

શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચે આ અંગે રજૂઆતમાં જણાવ્યા અનુસાર જી.એસ.પી.સી. દ્વારા છેલ્લા કેટલાક સમયથી ગ્રાહકો માટે ઓનલાઈન પેમેન્ટ કરવાની યોજના અમલી બનાવવામાં આવી છે પરંતુ ઓનલાઈન પેમેન્ટ સ્વીકારવાનુ કામ કોઈ ખાનગી કંપનીને સોંપાતા ગ્રાહકે પોતાના બિલમાં રૂ. ૧૧ વધારે ભરવા પડે છે. આ મામલે જી.એચ.પી.સી.નું જવાબદાર તંત્ર પણ ખાનગી કંપનીને કામ સોંપાયું હોય તેવો નબળો પ્રતિસાદ આપી હાથ ઉંચા કરી દે છે. ઓનલાઈન વસુલી ગ્રાહકો માટે દંડસ્વરૂપી બનતા મહામંડળના પદાધિકારી મયુર વ્યાસ, સુધીર દેસાઈ સહીતના આગેવાનોએ આક્રોશ વ્યક્ત કરી આ પ્રકારની વસુલી તાત્કાલિક બંધ કરવા જણાવ્યું છે. વધુમાં ઈ.સી.એ. જેવી સેવા ઉપલબ્ધ કરવા પણ રજૂઆત કરી છે.

## રકતદાન શિબિર યોજાઈ

ગાંધીનગર વૈષ્ણવ સમાજ, સીનીયર સીટીઝન કાઉન્સીલ, આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષગ, ખડાયતા સમાજ અને સહયોગ મંડળ ગાંધીનગરના સંયુકત ઉપક્રમે હવેલી મંદિર ખાતે તાજેતરમાં રકતદાન શિબિર કેમ્પ યોજાઈ ગયો. જેમાં ૧૮ રકતદાતાઓએ રકતદાન કર્યું હતું. રકતદાન શિબિરમાં રકતદાતાઓની સાથો સાથ ગાંધીનગર સિવીલ હોસ્પિલની લેબોરેટરી વિભાગના વડા ડૉ. મનોજભાઈ પટેલ અને તેમની ટીમે સેવાઓ પુરી પાડી હતી.

## દીકરી તો હોવી જ જોઈએ, એ પિયર-સાસરી વચ્ચે સંતુલન જાળવી શકે છે

'ઘરમાં દીકરી તો હોવી જ જોઈએ કારણ કે દીકરી જ એ પરમ જીવ છે જે પોતાનાં સાસરિયાઓ અને માતા-પિતા બંને વચ્ચે સંતુલન જાળવી શકે છે અને બંનેને સાચવી પણ શકે છે.'

આ શબ્દો છે સૅક્ટર-૬માં રહેતાં અને ત્રણ યુવાન દીકરીઓનાં માતા સરોજબેન પઢિયારનાં. તેમનાં લગ્ન રમેશચંદ્ર ભગવાનલાલ પઢિયાર સાથે ૧૯૭૨માં થયાં. રમેશભાઈ એ પહેલાં જ સચિવાલયની નૉકરીને કારણે ગાંધીનગરમાં વસી ગયા હતા તેથી સરોજબેન પણ લગ્ન પછી ગાંધીનગરમાં આવીને વસ્યાં. એમને ઘેર પ્રથમ પારણું બંધાયું ૧૯૭૩માં. દીકરીનો જન્મ



થયો, નામ રખાયું કાશ્મીરા. સુંદર, સ્નેહાળ અને સંવેદનશીલ દીકરી. ગરબામાં, ગાયનમાં નિપુણ અને ગુણવાન પણ એટલી જ. હાલ એ પરણીને સુરત સૅટલ થઈ છે અને પોતાના બીએ બીએડના અભ્યાસ પછી સ્કૂલમાં વિદ્યાર્થીઓને ગુજરાતી અને સંસ્કૃત ઉપરાંત સંસ્કારનું શિક્ષણ પણ આપી રહી છે.

બીજી દીકરી ધરા પણ અદલ કાશ્મીરાના પડછાયા જેવી. એટલી જ



ગુણવાન, સંવેદનશીલ અને ઋજુ. એનો જન્મ ૧૯૭૯માં. હાલ એ પણ વડોદરામાં પોતાના પરિવાર સાથે જીવી રહી છે. બંને મોટી દીકરીઓને ઘેર એક એક દીકરો છે.

'બે દીકરીઓ પછી મારી જ ઈચ્છા હતી કે ત્રીજે ખોળે દીકરો આવે એ હું કબૂલ કરું છું. પણ અમારા એ તો દીકરી જ આવે એવું ઈચ્છતા હતા અને એમને એ વાતની ખબર પણ હતી. એમણે મને સ્પષ્ટ કહી દીધું હતું કે આપણે ઘેર ત્રીજીવાર પણ દીકરી જ આવશે. અને થયું પણ એવું. ત્રીજે ખોળે પણ દીકરી આવી. અલબત્ત, આજે હું ભગવાનનો પાડ માનું છું કે એમણે મને ત્રીજીવાર પણ દીકરી જ આપી.' એમ સરોજબેન જણાવે છે.

એનું કારણ એટલું જ કે આ ત્રીજી દીકરી તૃપ્તિ હાલ અમદાવાદ ખાતે માસ્ટર ઈન કૉમ્પ્યુટર મૅનેજમેન્ટનો અભ્યાસક્રમ કરી રહી છે. સમાજમાં છોકરાઓ પણ ભાગ્યે જ ભણ્યા હોય એટલું એ ભણી છે અને તેમ છતાં હજુ માતા-પિતાની સાથે જ રહે છે. એને પરણવાની કોઈ ઉતાવળ નથી અને હજુ એ વર્ષો સુધી માતા-પિતા સાથે રહી શકે છે એવો એનો સ્પષ્ટ મત છે. અલબત્ત, માતાને પોતાની જવાબદારીનું ભાન છે અને એ દીકરીને સમયસર પરણાવી દેવા માટે પ્રયત્નશીલ છે. પણ એક વાત તેઓ સ્વીકારે છે કે મારી ત્રણેય દીકરીઓ વ્હાલના દરિયા જેવી છે. એક પછી એક ત્રણેય દીકરીએ મને એ બાબતની સાબિતી આપી છે.

'મોટી બે દીકરીઓ સાસરે છે, તોય અમારી સંભાળ રાખવાનું ચૂકતી નથી અને આ નાની તો જાણે અમારો રામ છે, સંપૂર્મ માતૃભક્ત અને પિતૃભક્ત છે. સાચું કહું છું, મને ભગવાને દીકરીઓ આપી એનો મને બેહદ આનંદ છે. એના પપ્પા સાચું જ કહેતા હતા કે ઘરમાં દીકરીઓ આવશે પછી તને સમજાશે કે દીકરીને વ્હાલનો દરિયો કેમ કહેવાય છે !'



સંબંધ સજાવે જિંદગી
**દીકરી વ્હાલનો દરિયો**
- કુંતલ નિમાવત
gsrelation@yahoo.com

## આજે ગાંધીનગરમાં

### આજનો દિવસ

સૂર્યોદય : ૦૬.૨૭
સૂર્યાસ્ત : ૦૭.૦૪

### તાપમાન

મહત્તમ : ૩૬.૮ ડિ.સે.
લઘુત્તમ : ૨૪.૫ ડિ.સે.

### ભેજનું પ્રમાણ

સવારે ૫૯ ટકા ● સાંજે ૩૨ ટકા

### મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૧ :** હાઉસ ફૂલ ૨ : ૧૨.૩૦,૩.૩૦,૬.૪૫,૯.૩૦
**સ્ક્રીન-૨ :** હાઉસ ફૂલ ૨ : ૨.૩૦
વીકી ડોનર : ૧૦.૦૦, ૧૨.૧૫, ૮.૦૦, ૧૦.૩૦
હેટ સ્ટોરી : ૫.૩૦
**સ્ક્રીન-૩ :** બેટલશીપ (હિન્દી) : ૧૧.૦૦, ૭.૧૫
હાઉસ ફૂલ ૨ : ૧.૧૫, ૪.૧૫, ૯.૩૦
**સ્ક્રીન-૪ :** વીકી ડોનર : ૩.૦૦, ૫.૩૦
હેટ સ્ટોરી : ૧૦.૦૦, ૧૨.૩૦, ૮.૦૦, ૧૦.૩૦

**સિને મેક્સ**

**સ્ક્રીન-૧ :** ટાઈટેનીક ૩-ડી(હિન્દી) :૧૦.૪૫, ૨.૧૫, ૬.૦૦, ૯.૩૦
**સ્ક્રીન-૨ :** હાઉસ ફૂલ ૨ : ૯.૩૦, ૧૨.૩૦, ૩.૩૦, ૬.૪૫, ૧૦.૦૦
**સ્ક્રીન-૩ :** હેટ સ્ટોરી : ૧૦.૩૦, ૧.૧૫, ૪.૦૦, ૬.૪૫, ૯.૪૫
**સ્ક્રીન-૪ :** વીકી ડોનર : ૧૦.૦૦, ૧૨.૩૦, ૩.૦૦, ૫.૩૦, ૮.૦૦, ૧૦.૩૦

**સૂર્યા, વાવોલ**

હેટ સ્ટોરી : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
પ્રીતના સૌગંધ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

**સામાજિક**

- આજે સંતશ્રી રોહિતદાસજી સ્મૃતિ મંદિર, સેકટર-૬ ખાતે સંત રોહિતદાસ સેવા સમાજ (ગુજરાત) ગાંધીનગર તરફથી આઠમો સમુહલગ્નોત્સવ.

### આપની આજ

- કિશોર ત્રિવેદી

**મેષ** : મહત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂર્ણ થઈ શકે છે. કુટુંબમાં સારું વાતાવરણ મનને પ્રસન્નતા આપનાર બની રહે. વિરોધીઓથી સાવધાન રહેવું.

**વૃષભ** : સામાજિક કાર્યોમાં સન્માન પ્રાપ્ત થઈ શકે છે. નોકરીમાં સ્થિતિ મજબૂત બનતી જણાય. ઉદાર મન અને ક્ષમાવાન વ્યવહારથી લાભ થઈ શકે છે. વેપાર ક્ષેત્રે દિવસ પ્રગતિ કારક રહે.

**મિથુન** : જ્ઞાન- શિક્ષા, સંશોધન વગેરે પર વિશેષ વ્યય ન થાય તેનું ધ્યાન રાખવું. કર્મક્ષેત્રમાં સફળતા પ્રાપ્તિ થઈ શકે છે. સન્માન અને ઉપલબ્ધિની પ્રાપ્તિ થઈ શકે છે.

**કર્ક** : તમારી વ્યવહાર કુશળતાથી વેપારમાં સફળતા પ્રાપ્ત થઈ શકે છે. સ્થાયી સંપતિ મળી શકે છે. ગ્રાહકોથી મધુર સંબંધો રાખવા.

**સિંહ** : પદ- પ્રતિષ્ઠા સંબંધી કાર્યોમાં લોકપ્રિયતામાં વૃદ્ધિ થઈ શકે છે. ધાર્મિક ક્ષેત્રમાં ભાગ્યવર્ધક યાત્રાઓ થઈ શકે છે. કલાત્મક કાર્ય થઈ શકે છે.

**કન્યા** : આર્થિક પ્રકરણોમાં વિશેષ અનુસંધાન થઈ શકે છે. કુટુંબમાં માંગલિક કાર્ય થઈ શકે છે. આરોગ્યલક્ષી બાબતોમાં ખર્ચ થઈ શકે છે. શત્રુઓથી સાચવવું.

**તુલા** : માનસિક તનાવથી બચવું. ભૌતિક સુખ સુવિધામાં વધારો થઈ શકે છે. કુટુંબીજનો સાથે યાત્રા- પ્રવાસ થઈ શકે છે. જળ વિભાગોથી ભાગ્યવર્ધક સફળતા મળી શકે છે.

**વૃશ્ચિક** : પદ, મકાન, વાહન સંબંધી લાભ પ્રાપ્તિ થઈ શકે છે. ઉચ્ચસ્તરીય વાહન સુખ પ્રાપ્ત થઈ શખે છે. કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક યાત્રા થઈ શકે છે.

**ધન** : નવા કાર્યો માટે ભાગદોડ થઈ શકે છે. ધર્મ, આધ્યાત્મ સંબંધી માંગલિક કાર્યોમાં યાત્રા - પ્રવાસ થઈ શકે છે. ભાગીદારોથી વિશેષ લાભ પ્રાપ્ત થઈ શકે છે.

**મકર** : વેપારમાં કાર્યક્ષેત્રનો વિકાસ અને વ્યાપારિક મુશ્કેલીઓ દૂર થતી જણાય. આવક કરતાં ખર્ચ ન વધી જાય તેની કાળજી રાખવી. આર્થિક તંગીની આશંકા જણાય.

**કુંભ** : પ્રસન્નતાથી કુટુંબીજનો- મિત્રો સાથે યાત્રા -પ્રવાસ થઈ શકે છે. અટકાયેલા નાણાંપરત મળી શકે છે. કૌટુંબિક ચિંતાઓ દૂર થતી જણાય. વ્યવસાયિક સ્થિતિ સારી રહેવાની સંભાવના છે.

**મીન** : આર્થિક ક્ષેત્રે નવા રોકાણો અંગે ધ્યાન રાખવું હિતાવહ છે. વિવાદિત આર્થિક પ્રકરણોને સંયમપૂર્વક ઉકેલવા. કૌટુંબિક વાદવિવાદ ટાળવો.

### ચિરવિદાય

- સ્વ. તારાબેન કાન્તીલાલ જોશી (ઉ. વ. ૮૫) મુ. પો. શિહોરી મોટી તા., જિ. ગાંધીનગર.

## પાંદડાંની પથારી એ કચરો નથી પણ શોભા છે : સોમાભાઇ

ગ્રીનસીટી ગાંધીનગરમાં વૃક્ષો પુષ્કળ હોવાથી પાંદડાં પુષ્કળ ખરે છે. નગરપાલિકાના અધિકારીઓ તેને કચરો સમજીને સળગાવી દે છે. ખરેખર કચરો ગંદકી સમજે તે તેમની મોટી ભૂલ છે. પાંદડાંની પથારી એ એક કચરો નથી પણ વનની શોભા છે. પરંતુ આ બાબતે ના સમજમાં પાંદડાં કઢાવી કે સળગાવી દે છે. ભૂતકાળમાં મીડિયાએ વારંવાર આ અંગે સમાચાર પ્રસિધ્ધ કરેલ હોય છે. વાસ્તવમાં કચરાનો ઢગલો કર્યા પછી તેને ઉપાડી જવાની કોઈ વ્યવસ્થા નહીં હોવાથી ઢગલા યથાવત્ રહે છે. કચરો કયાં નાંખવો તે પ્રશ્ન છે એટલે સફાઈ કામદારે ઢગલા સળગાવે છે. તે કૃત્ય બંધ થાય તેવી જનતાને શિક્ષણ મળે તેવા પ્રયત્નો કરવા જરૂરી છે. ડૉ. સોમાભાઈ સી. પટેલ, કૅમ્પસ ડાયરેક્ટર સર્વ વિદ્યાલય કેળવણી મંડળે જણાવેલ છે.